# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૮૨ • તા.૦૪ ડિસેમ્બર થી ૧૦ ડિસેમ્બર ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની અદ્ભૂત યોજના કે.ડી.ઓ. દિવ્યાંગ પાલકોમાં દિવસોદિવસ થતો વધારો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...   સંપાદક સ્થાનેથી

# સખત મહેનતનો કોઈ પર્યાય નથી

કોઈ અજાણ્યા વ્યક્તિને મળીએ એટલે પરિચય વધારતા તેનું નામ શું છે એ પ્રથમ પૂછીએ છીએ. પછી અભ્યાસ, હાલ શું કરે છે, ક્યાં રહે છે, ક્યાં નો મૂળ વતની છે એ બધી વિગતોથી તેનો વધુ પરિચય વધુ મેળવી નજદિકી થાય એવો પ્રયાસ કરીએ છીએ. આમ નામથી શરૂ થતી ઓળખાણનું મૂળ કામકાજ છે. સખત મહેનત, કર્મકામથી નામ મળ્યું અને નામથી સર્વત્ર ઓળખ સ્થાપાઈ.

નામ આપણા જીવન કાળ માટે મહત્વનું છે. જે જીવન પર્યંત, ને ત્યાર બાદ મૃત્યુબાદ પણ ઓળખ જળવાઈ રહે એ માટે જીવંત જેવો રહે છે. શેકસપિઅરએ આમ ભલે કહ્યું છે કે 'નામમાં શું બળ્યું છે?' પણ દરેક એંગલથી જોઈએ કે વિચારીએ તો નામ એ જ આપણી ઓળખ છે અને આપણું કામ, કામ પ્રત્યેની નિષ્ઠા, વફાદારી અને સર્મપણ નામ પાછળનું પ્રેરક બળ છે.

પા પા પગલી ચાલતા નાનકડા બાળક માટે રેતીનો નાનકડો ઢગલો ઓળંગવો કઠિન છે. તો એવી જ તકલીફ યુવાન વયની કોઈ વ્યક્તિને નાનકડા મુકામ સુધી પહોંચવા પહાડ જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સાહસ, નીડરપણું અને સખત પરિશ્રમ દ્વારા મંઝિલ સિધ્ધિ મળે પછી જ નામની ઓળખ સર્વત્ર પ્રસરે છે. માટે સહેજ પણ સરળ નથી નામવંત બનવું. જગ મશહૂર બનવા કંઈક નવું કામ નવતર કાર્ય કે અદ્ભૂત સિધ્ધિ મેળવી પડે છે. પણ જગ બત્રીસીએ ચડવા, લોકોમાં ચર્ચિત થવા, બદનામ થવા પણ કંઈક અજુગતું કરવા નિમિત બનવું પડે છે. આમ સમાજમાં શ્રેષ્ઠ ઉદારણ બનવા સખત સંઘર્ષ કરી સિધ્ધિ મેળવી પડે છે તો બદનામ થવા ચપટી જેટલું બદકાર્ય કરવું બસ થઈ રહે છે.

સખત મહેનતનો કોઈ પર્યાય નથી. નામ જાળવી શાખને બચાવી સાચવીને કોઈપણ કાર્ય કરવું અઘરૂં છે. લોકોને નરી આંખે મળેલું ફળ તરત દેખાય છે. પણ ફળ પ્રાપ્તિ પાછળ કરેલી સખત મહેનત, આકરી મજૂરી સહન કરેલા કષ્ટથી અજાણ હોય છે. નામ કમાવું અઘરી વસ્તુ છે. ભલે એ ચાર કે ચાલીસ વ્યક્તિઓ વચ્ચે હોય કે ચાલીસ લાખ લોકો વચ્ચે હોય. મહેનત અને સખત મહેનત પછી જ આ વસ્તુ સિધ્ધિ થઈ શકે છે. માટે જ સખત મહેનતનો કોઈ પર્યાય નથી. આમ સિધ્ધિ શિખર પામવાનો કોઈ શોર્ટ કટ નથી. અવિરત શ્રમ અને કષ્ટથી મળેલ નામ પાછળ ખર્ચેલી મહેનત કદી વ્યર્થ નથી જતી. મશહૂર નામ થકી મળેલ નામના મહેંક સતત ખુશ્બૂ આપતી રહે છે. એ સૌ માટે ઉદાહરણ રૂપ બને છે અને પ્રેરણાદાયક પણ થઈ રહે છે. આ સિધ્ધિનો દાખલો સૌને મોંઢે હોય છે, તો ક્યારેક પુસ્તિકોમાં સંગ્રહિત થઈ ભવિષ્યની પેઢી માટે સતત પ્રેરણાનો સ્ત્રોત આપતો રહે છે. આમ સખત સંઘર્ષ પછી મળેલ સમાજ દ્વારા સન્માન વ્યક્તિ માટે ગૌરવ રૂપ હોય છે, ગર્વ પૂર્ણ હોય છે. ઉન્નત મસ્તક, રાખીને ચાલી શકાય એવો મોકો અર્પે છે. આ સન્માન પાછળ સખત મહેનત, દ્રઢ આત્મવિશ્વાસ અને ભરપૂર સાહસ કરવાની નિષ્ઠા જરૂરી છે.

– જય જ્ઞાતિમૈયા

# જીવન વ્યવહારમાં ધનનું મહત્વ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જીવનમાં આજે ધર્મ કરતાં ધનની મહતા ને અધિકતા વધી છે એ હકિકત છે. જીવનમાં સુખ પામવા સંપતિનું સંચય જરૂરી છે. ધર્મની શીખામણ ધનની ત્યાગ કરવાની છે. પણ વ્યવહારમાં સંસારીઓનો અપરિગ્રહ ધરાવી શકતા નથી. મન ચંચળ છે તે જ રીતે ધન પામવાની વૃતિ ચંચળ છે. ધનનું સર્જન કોઈપણ કારણથી વધતો રહે એ માટે સૌ કોઈ મથતા રહે છે. ધન હોવું જીવનમાં જરૂરી છે. એના વગર કશું થઈ શકે નહીં. અત્યારના સમયમાં પૈસાને વધુ પડતું પ્રાધાન્ય અપાઈ રહ્યું છે એ આજની વાત્સવિકતા છે. કુટુંબ, સમાજ અને વ્યવહારના ક્ષેત્રમાં પૈસાની બોલબાલા છે. પૈસાદારને લોકો સલામ કરે છે. તેનો પડ્યો બોલ ઝિલે છે. તેને બેસવા ઊંચું આસન આપે છે. એની ખુશામત કરે છે.

પૈસા વિના નરની કંઈ વેલ્યુ રહેતી નથી. પૈસાનો પ્રવાહ થંભી ગયા બાદ નજીકના લોકો પણ દૂર ખસી જશે. સમીપ રહેલા સ્વજનો પણ એટલા આઘા ચાલ્યા જશે કે નજરે પણ નહીં પડે. મિત્રો વિદાય લેશે અને જાણ્યાં છતાં અજાણ્યાં બની જશે. નિર્ધન વ્યક્તિથી હર કોઈ મુખ ફેરવી લે છે. આમ સામાન્ય લોકો માણસના વિચાર, વાણી કે વર્તાવને નહીં પણ પૈસાને પૂજે છે. શિક્ષણ અને જ્ઞાનની દેવી સરસ્વતીને પૂજવા ને બદલે ધનની દેવી લક્ષ્મીને નાના મોટો સહુ પૂજે છે. એટલે જે આજે ધર્મ સ્થાનકોમાં ધનનું મહત્વ અધિક રહે છે.

એ સમજવું જરૂરી છે કે ધન એ કેવળ સાધન છે. સાધ્ય નહીં, પૈસો જરૂરી ભલે હોય પણ અનિવાર્ય નથી. એના વગર જીવન વ્યવહાર ન ચાલે એવું નથી. તે જીવન વ્યવહાર, સુખ, સગવડ અને સલામતી માટેનું જરૂરી સાધન છે તે છતાં તેના વગર ગુજારો કરી શકાય, જીવી શકાય. ધન પાસે હોય તો અલગ શક્તિ મળે છે. એવું અનુભવ કરી શકાય છે. તેનાથી સાચું કહી શકાય છે અને સાચું કરી શકાય છે. પણ તેનાથી સ્વભાવમાં અભિમાન વર્તનમાં તોછડાઈ અને બોલ ચાલ વ્યવહારમાં કટુતા ન આવે એની સજાગતા રાખવી જરૂરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિના દિવ્યાંગજનોનો હાથ પકડનારા આશ્રયદાતાને નમન

કેડીઓ દિવ્યાંગ પાલક

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## શ્રીમતી જયાબેન અરુણભાઈ મોતા

**કચ્છ- સુથરી, હાલ -નિમચ**

## દિવ્યાંગ પાલક

**Rs. 50,000**

એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

ઉદારતા એ માનવ સમાજ માટે એક આદર્શ સભ્ય અને સંસ્કાર ભરી સમજણ છે. આપણા સગા સંબંધી નથી. લોહીની સગાઈથી બંધાયેલા નથી તે છતાં તેમની પ્રત્યે આપણું હૃદય દ્રવી ઊઠે છે એ અનુકંપા, એ લાગણી અણમોલ છે, અવર્ણનીય છે. એનો કોઈ તોલ કે બોલ નથી. આવી ઉદાર ભરી સમજ, અન્યો માટે પ્રેરક બની રહે છે.

કેડીઓ જ્ઞાતિના અઢળક શક્તિ સમજ અને બુધ્ધિ જ્ઞાન ધરાવતા છતાં કુદરતની દિવ્ય કૃપાથી વંચિત રહી જનાર બંધુ-ભગિનીઓને મદદ રૂપ માટે હાથ લંબાવનાર ઉદાર દિલ શ્રીમતી જયાબેન અરૂણભાઈ મોતા, કચ્છ સુથરી હાલ નિમચ-મધ્યપ્રદેશ એ રૂા.૫૦ હજારની રકમ નોંધાવી શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિની અદ્ભૂત યોજનામાં દિવ્યાંગ પાલક તરીકે જોડાયા છે. જે દ્વારા એક દિવ્યાંગ એક વર્ષ માટે દતક થશે. દાતાશ્રીને હાર્દિક અભિનંદન સહ ભૂરી ભૂરી અનુમોદના.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના દીક્ષા સંયમ જીવનના બાવન વર્ષ પૂર્ણ થયા

સૂરિમંત્ર પંચ પ્રસ્થાન આરાધક, સાહિત્ય દિવાકર રાજસ્થાન દક્ષિણ દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. કારતક વદ ૧૩ સંવત ૨૦૭૮ તા.૨ ડિસેમ્બર ગુરૂવારના સંયમ જીવનના બાવન વર્ષ પૂર્ણ કરી ૫૩મા વર્ષના પગથારે પગરણ કર્યા છે.



માંડવી તાલુકાના દુર્ગાપુર (નવાવાસ) ગામે ૨૨ ડિસેમ્બર ૧૯૫૩ મંગળવાર વિ.સં.૨૦૧૦ માગસર વદ ૧૦ના દિને માતુશ્રી પ્રેમકુંવરબેન રતનશી સાવલાની રત્નકુક્ષીથી જન્મ લીધો. ૭ ડિસેમ્બર ૧૯૬૯ રવિવાર વિ.સં.૨૦૨૬ના ભુજપુર કચ્છ નગરે દીક્ષા સ્વીકારી. વડી દીક્ષા નાના આસંબિયા તા.૨૩ જાન્યુઆરી ૧૯૭૦ શુક્રવારના. ગણિ પદ પામ્યા વડાલા મુંબઈ નગરે તા.૩૦ નવેમ્બર ૧૯૮૩ બુધવાર વિક્રમ સંવત ૨૦૪૦ કારતક વદ ૧૧.

સાહિત્ય દિવાકર પદવી પ્રાપ્ત થઈ સમ્મેતશિખરજી તીર્થે વિક્રમ સંવત ૨૦૪૧ માગસર સુદ ૩, તા.૨૫ નવેમ્બર ૧૯૮૪ રવિવારના. ઉપાધ્યાય પદ બાડમેર (રાજસ્થાન) નગરે વિક્રમ સંવત ૨૦૪૪ પોષ વદ ૧૩ તિથિ તા.૧૭ જાન્યુઆરી ૧૯૮૮ રવિવારના રોજે. આચાર્ય પદ સ્વીકાર્યું દંતાણી તીર્થ (રાજસ્થાન) વિક્રમ સંવત ૨૦૪૪ મહા વદ ૧૨, તા.૧૫ ફેબ્રુઆરી ૧૯૮૮ સોમવાર.

ગચ્છ નાયક પદ મુલુંડ (પૂર્વ) સંઘ આંગણે વિક્રમ ૨૦૭૬ના શ્રાવણ વદ ૭ રવિવાર તા.૨૬ જુલાઈ ૨૦૨૦ના તથા સંઘનું શિરમોર પદ સ્થાન ગચ્છાધિપતિ પદ સ્વીકાર્યું. માટુંગા (સે.રે.) ઈસ્ટ મુંબઈ વિક્રમ સંવત ૨૦૭૭ ચૈત્ર સુદ ૧૧ તા.૨૨ એપ્રિલ ૨૦૨૧ના ગુરૂ મહારાજ સાહેબના અનંત આશિષ નિરંતર વરસતા રહે એજ ભાવના-કામના અને આરાધના.

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# પૂજ્ય સાહેબોનો ૧૪ વર્ષ પૂર્ણ કરી સંયમ જીવનના સફળ ૧૫મા વર્ષમાં પ્રવેશ



પ.પૂ.સાધ્વીશ્રી
ચંદ્રગુણાશ્રીજી મ.સા.



પ.પૂ.સા.શ્રી
મલ્લિગુણાશ્રીજી મ.સા.



પ.પૂ.સા.શ્રી
પાર્શ્વગુણાશ્રીજી મ.સા.

ગામ નલિયા કચ્છના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાના પુત્રી પાલિતાણા તીર્થે સંયમ જીવન સંવત ૨૦૬૪ના કારતક વદ ૧૦મી તિથિએ સ્વીકાર્યું. ને નામ પામ્યા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા. ગુરૂ નામ પ.પૂ.શ્રી નવકારગુણાશ્રીજી મ.સા. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

મોટી સિંધોડી તાલુકા અબડાસાના માવિત્ર કલ્પનાબેન જયેશભાઈ મૈશેરીના દુલારી દીકરી પાલીતાણા તીર્થે વિક્રમ સંવત ૨૦૬૪ની કારતક વદ ૧૦મી તિથિએ સંયમ ભવના પંથે પ્રયાણ સ્વીકારી દીક્ષા લીધી. જેમને નામ મળ્યું પ.પૂ.સા.શ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા. ગુરૂ નામ પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. અને દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

મોટી વરંડીના માવિત્ર મંજુલાબેન જયંતિલાલ વોરાના દુલારા સંતાન પુત્રી પાલીતાણા તીર્થે દીક્ષા જીવન રાજીપાભેર સ્વીકાર્યું અને સંયમ જીવનના પંથે પ્રયાણ આદર્યુ ને નામ પામ્યા પ.પૂ.સા.શ્રી પાર્શ્વગુણાશ્રીજી મ.સા. ગુરૂ નામ પ.પૂ. સાધ્વીશ્રી દર્શનાગુણાશ્રીજી મ.સા. અને દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

તા.૨૯ નવેમ્બર સોમવારના દિને કારતક વદ ૧૦મી તિથિએ પૂજ્ય સાહેબોએ સંયમ જીવનના ૧૪ વર્ષ પરિપૂર્ણ કરી ૧૫મા વર્ષમાં પ્રવેશ કર્યો. પૂજ્યોનું સંયમ જીવન દીર્ઘ રહે એ ભાવના.

## ગામ લાલાના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી દેરાસરનું જીર્ણોધ્ધાર કાર્ય પૂરજોશમાં શરૂ

ગામ લાલા નગરના ૧૧૪ વર્ષ પ્રાચીન શ્રી ચંદ્રપ્રભુ સ્વામી દેરાસરનું જીર્ણોધ્ધાર કાર્ય પૂરજોશમાં શરૂ છે. જીર્ણોધ્ધાર માટે દેવ દ્રવ્યની જરૂર હતી એની ટહેલ ટ્રસ્ટ બોર્ડ તરફથી નાખવામાં આવેલ. સકલ સંઘને જણાવતા દેરાસર અને મહાજન ટ્રસ્ટને હર્ષની લાગણી થાય છે કે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન બેંગલોર તરફથી રૂા.૪,૨૫,૦૦૦/- મળેલ છે. જે ટ્રસ્ટ અને કમિટીના સાથ સહકારથી મંજૂર થયા છે. જે માટે ખૂબ ખૂબ અનુમોદના શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ ગામ લાલા.

## ભુજ નગરે દીક્ષાર્થી મુમુક્ષુઓનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો





કચ્છ પ્રાંતના ઐતિહાસિક પાટનગર ભુજ નગરના સંઘમાં તા.૨૮ નવેમ્બર રવિવારના દિને નવયુવાન દીક્ષાર્થી મુમુક્ષુ અજેશકુમાર પ્રબોધભાઈ મુનવર તથા મુમુક્ષુ વંદનકુમારનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડાનું વાજતે ગાજતે આયોજન કરાયું હતું. અતિ ઉત્સાહથી નગરના માર્ગો પરથી પ્રસાર થયું હતું અને સૌ શ્રાવક શ્રાવિકાઓએ તેમને વધાવ્યાં હતાં.





## ગણિવર્ય ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નું મુલુંડ સંઘમાં ભાવભર્યું સ્વાગત





તા.૨૪ નવેમ્બર સોમવાર સવારે શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ વાસુપૂજ્ય જિનાલય ઝવેર રોડ દ્વારા સાધના સમ્રાટ ગણિવર્ય ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિઠાણાનું સ્વાગત માનવ, ઝવેર રોડ કોર્નર પાસે ભવ્યાતિભવ્ય રીતે ઉત્સાહ આનંદના માહોલમાં થયું. આ અવસરે સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# પ.પૂ.સાધ્વીશ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૧૪ વર્ષ પૂર્ણ થયા



કચ્છ ડુમરાના માવિત્ર મીરાબેન રોહિતભાઈ પોલડિયાના પુત્રીની દીક્ષા તિથિ કારતક વદ ૧૦ વિક્રમ સંવત ૨૦૬૪ જે આજે પ.પૂ.સાધ્વીશ્રી વર્ધમાન ગુણાશ્રીજી મ.સા.ના નામે વિદ્યમાન છે.

પૂજ્ય સાહેબ ૧૪ વર્ષ પૂર્ણ કરી પંદર વર્ષમાં પ્રવેશ કરેલ છે.

દીક્ષા ભૂમિ પાલિતાણા ગુરૂ નામ પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

# પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.નો સંયમ જીવનના ૧૫મા વર્ષમાં પ્રવેશ



નાની સિંધોડી નગરના માવિત્ર વનિતાબેન સોમચંદ લખમશી ધરમશીના પુત્ર કારતક વદ ૧૦ વિ.સં.૨૦૬૪ના પાલિતાણા તીર્થે દીક્ષા ગ્રહણ કરી. પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. નામ પામ્યા. ગુરૂ નામ પ.પૂ.ગણિવર્ય મુનિરાજ શ્રી ધર્મસાગરજી મ.સા.

દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

# પ.પૂ.સાધ્વીશ્રી ત્યાગશીલાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૧૬મા વર્ષમાં પ્રવેશ કર્યો

સુથરી ગામના માવિત્ર મંજુલાબેન દામજી ધારશી પાસડની દુલારી દુહિતા વિક્રમ સંવત ૨૦૬૩ના કારતક વદ ૧૦ તિથિએ સુથરી નગરે સંસાર જીવનનો ત્યાગ કરી.



સંયમ જીવન હર્ષપૂર્વક સ્વીકારી પ.પૂ.સાધ્વીશ્રી ત્યાગશીલાશ્રીજી મ.સા.ના નામથી ભાવિકોના મનમાં બિરાજે છે. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા. તથા દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

# પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૫ વર્ષમાં પદાપર્ણ



વિક્રમ સંવત ૨૦૩૪ના કારતક વદ ૧૦ના સાંયરા નગરે સાંયરા ગામના માવિત્ર ગંગાબેન લધાભાઈ દેવરાજ પટેલના દુહિતાએ દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સાની નિશ્રામાં સંયમ જીવન સ્વીકાર્યુંને પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.

ગુરૂનું નામ પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. પૂજ્ય સાહેબ ૪૪ વર્ષ પૂર્ણ કરી ૪૫ વર્ષમાં પુનિત ભાવે પ્રવેશ કર્યો છે.

# ભુજ નગર સંઘમાં દીક્ષાર્થી મુમુક્ષોની દીક્ષાવિધિ ભવ્યતાથી સંપન્ન થઈ




તા.૨૯ નવેમ્બર સોમવારના પાવન દિને આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. અને નૂતન ગણીવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. સહ વિશાળ સાધુ-સાધ્વીશ્રી ભગવંતોની પાવન સભર નિશ્રામાં દીક્ષાર્થી મુમુક્ષો વંદનકુમાર અને અજેશભાઈ મુનવરની દીક્ષા વિધિ ભવ્યતા રીતે સંપન્ન થઈ.



નૂતન દીક્ષિત
વંદનકુમારનું
નૂતન નામ
પ.પૂ. બાળ મુનિરાજશ્રી
ભગવંતોદય સાગરજી
મહારાજ સાહેબ



નૂતન દીક્ષિત
અજેશકુમારનું
નૂતન નામ
પ.પૂ. મુનિરાજશ્રી
અર્હંતોદય સાગરજી
મહારાજ સાહેબ

## ડૉ. મોનિષા સંજય ધરમશી-ભાટે એ B.D.S. ની ડિગ્રી ગોલ્ડ મેડલ સાથે મેળવી



મૂળ કચ્છ સુથરી હાલે વડોદરાના ડૉ.મોનિષા સંજય ધરમશી-ભાટે એ ગુજરાત યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ ડેન્ટલ સર્જરી બી.ડી.એસ.ડિગ્રી ગોલ્ડ મેડલ સાથે ઉર્તિણ કરેલ છે.

માતા શીતલ સંજય ધરમશી-ભાટે પરિવાર તથા નાનાણા વિશનજી દેવશી પરિવાર ધુલિયા કુળ પુત્રીની આ ઉચ્ચતમ સિધ્ધિ માટે ગર્વ અનુભવે છે.


કેડીઓ જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ ડૉ. મોનિષાને હાર્દિક અભિનંદન.

# નૂતન મુનિવરોના સંયમ જીવન પથના નામકરણ થયા



ભુજ નગરની ભૂમિ પર દીક્ષા જીવન સ્વીકારનારા મુમુક્ષુ વંદનકુમારનું નૂતન નામ પ.પૂ.બાળમુનિવર શ્રી ભગવંતોદયસાગરજી મ.સા. થયેલ છે. ગુરૂનું નામ પ.પૂ.શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. તથા મુમુક્ષુ અજેશભાઈનું નામ પ.પૂ.મુનિવર શ્રી અર્હતોદયસાગરજી મ.સા થયેલ છે. ગુરૂનું નામ પ.પૂ.શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.







# પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૪૮ મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૩૧ના કારતક વદ ૧૦ના સુથરી નગરમાં સુથરી ગામના માવિત્ર મીઠીબાઈ પદમશી લોડાયાના લાડલી પુત્રી ક્ષણભંગુર જીવન સંસારનો ત્યાગ કરી સંયમ જીવનને હરખથી વહાલું કર્યું. જેઓને આજે પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા. નામે વંદન કરીએ છીએ. તેઓ ૪૭ વર્ષ પૂર્ણ કરી ૪૮મા વર્ષમાં ભવ્યપણે પ્રવેશ કર્યો છે.

ગુરૂનામ પ.પૂ.સાધ્વી શ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા. દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.


Samast Mahajan, Sanjivani Initiative
CASE No.: 58
KDO
DONATION NEEDED!
Mr. Bhavanji Lakhamshi Bhate (Nagda)
Age: 93, Jakhau, Amalner
Got admitted in hospital with acute intestinal obstruction & severe anaemia. On Blood Transfusion and Medical Management.
₹
KDO SANJIVANI
DONATION REQUIRED
Rs. 1.10 Lakh
Bank Details:
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW MICR : 400012272
Shri Samast KDO Jain Mahajan
Medical Committee
80G Registration number
AANTS1160JF20212
Avail tax benefit under section 80G.
*Submit Aadhar & Pan card Copy.
In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

# સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# ખામગામ સંઘમાં ત્રિહાન્કિા મહોત્સવનું ભવ્ય આયોજન

મહારાષ્ટ્ર રાજ્યના વિદર્ભ પ્રદેશના જિલ્લા બુલઢાણાના ખામગામ નગર સંઘમાં પ.પૂ.દિર્ઘ સંયમી સુસાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ના સંયમજીવનના ૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી પ્રસંગે ગુરૂવાર તા.૯ ડિસેમ્બરથી તા.૧૧ ડિસેમ્બર શનિવાર સુધીનો ત્રિહાન્કિા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે.

પ્રથમ દિને તા.૯ ડિસેમ્બર સવારે ૬ કલાકે મંદિરમાં ભક્તામર પાઠ સાથે અભિષેક કરાશે. અભિષેક બાદ સંઘપૂજન કરાશે. લાભાર્થી શિતલભાઈ તેજપાલભાઈ શાહ પરિવાર સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ શ્રી આદેશ્વર દાદાની ભક્તામર એક ગાથા સાથે અષ્ટપ્રકારી પૂજા.

દ્વિતીય દિવસ તા.૧૦ ડિસેમ્બર શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે શ્રી ગૌતમ સ્વામી મહાપૂજન મંગલ કાર્યાલય સ્થળે પૂજના વસ્ત્રો ધારણ કરી આવેલ ભાઈ-બહેન આનો લાભ લઈ શકશે. લાભાર્થી ગુરૂમૈયા પરિવાર. વિધિકાર રાજાભાઈ નંદુ મુંબઈ, સંગીતકાર સૌ.અંજુબેન યવતમાલ, સ્વામી વાત્સલ્ય ૪.૪૫ થી ૫.૪૫ સુધી મંગલ કાર્યાલય સ્થળે લાભાર્થી પરિવાર દ્વારા.

તૃતીય દિવસ તા.૧૧ ડિસેમ્બર શનિવારના સવારે ૯ કલાકે શ્રી નવગૃહ શાંતિ તીર્થંકર પૂજન એવમ ભક્તિ મંગલ કાર્યાલય મધ્યે - લાભાર્થી શ્રીમતી લીલાવંતીબેન જેઠાલાલ ગાલા મુલુંડ, વિધિકાર સંગીતકાર ડૉ.હર્ષદભાઈ દેઢિયા મુંબઈ. સ્વામી વાત્સલ્ય સવારે ૧૨.૩૦ થી ૨.૩૦ સુધી મંગલ કાર્યાલય મધ્યે લાભાર્થી પરિવાર દ્વારા.

બહારગામથી પધારનાર ભાવિક બહેનોએ આવનારની સંખ્યા અને આગમનની જાણકારી આપવી. હિરેન લોડાયા મો.નં.૯૮૨૨૭૦૮૯૯૮, જતિન લોડાયા-૮૮૩૦૧૮૮૧૮૨ તથા આશિષ શાહ - ૭૦૨૦૫૫૦૫૨૫. કાર્યસ્થળ : દે.સી. મંગલ કાર્યાલય, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસે, ખામગામ - ૪૪૪૩૦૩. જિ.બુલઢાણા, મેનેજર-મુરલીધર વસુ - મો.નં.૯૭૬૭૯૨૭૫૨૪.

આ ભવ્ય મહોત્સવમાં પધારવાનું ભાવભર્યું નોતરું શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ ખામગામ દ્વારા સકળ સંઘને છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# માંડવીના શિવમસ્તુમાં મહારાજ સાહેબનું સામૈયા સાથે સ્વાગત



માંડવી નગરે પ.પૂ.કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.કલ્પતરૂસાગરજી મ.સા.નું દાદાવાડી મધ્યેથી માંડવીના પાંચેયગચ્છના ભાઈ-બહેનોએ શિવમસ્તુ સમવશરણ જૈન તીર્થ મધ્યે પણ સામૈયા સાથે સ્વાગત કરાયું હતું.

ગુરૂદેવે જે જન્મથી ગભરાતો હોય અને મૃત્યુ માટે હંમેશા તૈયાર હોય તે સાચો જૈન હોવાનું જણાવી સમયને જવા ન દયો, સુકૃતના જે કાર્યો કરવાના હોય તે કાલ ઉપર ન રાખી આજે જ કરવાની શીખ આપી હતી. જીવનમાં પુણ્યની મૂડી એકત્ર કરી હોય તે મૃત્યુને હોંશે હોંશે સ્વીકારે છે. જીવનને જીવી જાણે છે તે મૃત્યુને માણી જાણે છે. જીવનમાં આરાધના કરવા માટે જે સમયે મળેલો છે તેનો સદુપયોગ કરી આત્મીક આનંદ મેળવવા જણાવ્યું હતું.

મયૂરભાઈ શાહે સ્વાગત પ્રવચનમાં ચંદ્રિકાબેન પારસભાઈ શાહે સ્વાગત ગીત રજૂ કર્યું હતું. પ.પૂ.સા.ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ તથા મોટી સંખ્યામાં સંઘના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શિવમસ્તુ સમવશરણ તીર્થે પ.પૂ. મુનિરાજ પૂર્ણભદ્રસાગરજી મ.સા., પ.પૂ.અમિતગુણાશ્રીજી મ.સા., પ.પૂ.વિશ્વાસીનીજી મહાસતીજીએ સ્વાગત કર્યું હતું.

આચાર્ય ભગવંતે તીર્થ પ્રેરક પ.પૂ.મહાભદ્રસાગરજી મ.સા. સાથેના જૂના સંસ્મરણો તાજા કરી તીર્થના વિકાસ માટે આશીર્વાદ પ્રદાન કર્યા હતા. ટ્રસ્ટી જયેશભાઈ જી. શાહ, લાયજાના નિર્મળાબેન, રીટાબેન શાહ, કલ્પનાબેન ગાંધી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**શશીકાંત ખોના**
તા.૨૭ નવે. (ઉ.૭૬)
ખાવડી મોટી-વડાલા



**ગીતા દંડ**
તા.૨૮ નવે. (ઉ.૫૮)
લાલા-ઘાટકોપર



**નવલબાઈ મૈશેરી**
તા.૨૯ નવે. (ઉ.૮૩)
જખૌ-ડોંબિવલી



**જયવંતી ધરમશી**
તા.૨ ડિસે. (ઉ.૭૭)
જખૌ-મુલુંડ



**વેલજી લોડાયા**
તા.૩ ડિસે. (ઉ.૭૩)
કુવાપધ્ધર-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ગાંધીધામની લીલાશા હોસ્પિટલ ખાતે કિરણ ફાઉન્ડેશન દ્વારા ૧૩૦ સિલિન્ડરની ઉત્પાદન ક્ષમતા ધરાવતો ઓક્સિજન પ્લાન્ટની ભેટ અપાઈ હતી. તેનો વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન રાજ્યપાલ આચાર્ય દેવ વ્રતના હસ્તકે કરાયું. બાવન લાખના ખર્ચે આ પ્લાન્ટ સ્થાપાયું છે. કોરોના જેવી મહામારીના અગમચેતી તૈયારી રૂપે આ ઓક્સિજન પ્લાન્ટનું નિર્માણ થયું છે.

● ભચાઉ તાલુકાના જૂના કટારિયાના વતની અને છેલ્લા ચાર વર્ષથી ગામના સરપંચ પદે સેવા બજાવતા અને છેલ્લા ૨૫ વર્ષથી ફોર્ટ મુંબઈ નિવાસી અશોક પ્રેમજી પટેલના નિધનથી એક ઝુંઝાર વેપારી આગેવાનની ખોટ પડી છે. તેમણે રાજ્ય કેન્દ્ર અને સુધરાઈના કચેરીઓના ૧૨૫ જેટલા કર્મચારીથી લઈને વડા અધિકારીઓને લાંચ રીશ્વતમાં પકડાવી સરકાર દ્વારા એવોર્ડ પ્રમાણ પત્ર મેળવ્યા હતા. તેઓ ફોર્ટ વેપારી એસોસિએશનના વર્ષોથી પ્રમુખ હતા.

● મૂળ કાદિયા તાલુકા નખત્રાણાના હાલે હૈદાબાદના યોગેશ જીવરાજભાઈ ખેતા પોકાર એલ.એસ. આર.વેલનેસ પ્રા.લિમીટેડ ઓક્સિજન મેન્યુફેક્ચરમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે બજાવે છે. તેઓ જગત જનની આઈ આશાપુરા માતાજીમાં અનન્ય ભક્તિ અને અતૂટ શ્રધ્ધા વિશ્વાસથી હૈદ્રાબાદથી ૪૮ દિવસનો ૧૬૦૦ કિ.મી.નો પ્રવાસ પદયાત્રા દ્વારા કરી માતાના મઢ દર્શનાર્થે પહોંચ્યા હતા.

● કોરોનાનું સંક્રમણ ઘટતાં દિવાળી ઊજવવાનો ઉત્સાહ લોકોમાં અનેરો રહ્યો હતો. પણ દીપોત્સવી પર્વ પછી જાણે માંદગીની આફત સમગ્ર કચ્છને ભરડામાં લીધી છે. વરસાદ પછી મચ્છજન્ય બીમારી જેવી કે ડેંગ્યુ, ચિકન ગુનિયા, મેલેરિયા, તાવ, શરદી, ઉધરસના કેસો વધવાથી દવાખાના ઉભરાય છે. જેને લીધે દરેક પરિવારોમાં ચિંતાજનક માહોલ બન્યો છે.

● કચ્છની ભૂમિને ઘેરી વળેલી ગાંડો બાવળ વનસ્પતિ આડેધડ ઊગીને નુકસાની જનક પરિસ્થિતિ સર્જી છે. આ જ ગાંડા બાવળમાંથી બિસ્કીટ કે તેની કોફી બની શકે એ કોઈ જાણે ત્યારે નવાઈ જરૂર લાગે. વર્ષોથી કચ્છમાં પર્યાવરણ સંશોધન કરતા અને ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ  ઓફ ડેઝર્ટ ઈકોલોજી એટલે કે ગાઈડ સંસ્થાના વડા ડૉ.વિજય કુમારે તેમના ઈઝરાયેલી વિજ્ઞાની સાથી ડૉ.યુરિયલ એન.સેફિયલ સાથે કરેલા રિસર્ચ પેપરમાં ગાંડા બાવળની સારી બાજુઓ પર પ્રકાશ પાડ્યો છે અને જો ગાંડા બાવળ પર અલાયદી જાતિ બને તો તેનામાં લાખો રોજગારી પેદા કરવાની ક્ષમતા સાથે કચ્છના ડેન્માર્ક કહેવાતા બન્ની પ્રદેશની ઈકો સિસ્ટમાં મૂળ સોતો ફેરફાર આણી શકાય તેમ હોવાની વાત કહી છે. આ બાવળની ફળી તેના બીજ હટાવાયા બાદ પ્રોટીન અને ગ્લુકોઝથી સભર છે. તેનો પશુચારાના માટે ઉપયોગ કરી શકાય છે. એટલું જ નહીં ગાંડા બાવળની ફળીના ઉપયોગથી બિસ્કીટ, કોફી જેવા ખાદ્યાન્ન બની શકે છે એવું નોંધયું છે.

● જૈન સોશિયલ ગ્રુપ યૂથ પૂણે સેન્ટ્રલ દ્વારા ઓલ ઈન્ડિયા જૈન કોન્ફરન્સના સહયોગથી પરિવર્તન એક્ટ ઓફ કાઈન્ડનેસ વિષય પર ઓનલાઈન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં રાપરના માહિર જિગર મોરબીયાએ પ્રથમ ક્રમાંક મેળવી કિરણ બેદીના હસ્તે પુરસ્કાર મેળવ્યો હતો. ભારત ઉપરાંત સિંગાપોર, દુબઈ, થાઈલેન્ડ, નાઈજિરીયા સહિતના દેશોમાંથી ૧૪૦૦ થી વધુ બાળકોએ આ ૩૦ દિવસીય સ્પર્ધામાં ભાગ લીધો હતો.



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA